## ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ.
## મધુર ડેરી, ક રોડ, જી.આઇ.ડી.સી. ઇલ્કટ્રોનીક્સ એસ્ટેટ, સેક્ટર-25 ગાંધીનગર -382024

**ક્રમાંક – ગાં.દૂ.સં.-વેટરનરી-પશુજુથ વિમો-2026/32** **તા. 07/04/2026**

**પ્રતિ,**
**પ્રમુખ/મંત્રીશ્રી,**
**તમામ દૂ.ઉ.સં.લીમિટેડ/દૂ.કેન્દ્રો**
**જી.ગાંધીનગર**

## પશુજુથ વિમા અંગેનો પરિપત્ર
## (તા. 01/04/2026 થી 31/03/2027 સુધી અમલ)

**આથી સંઘમાં દૂધ ભરાવતી તમામ મંડળીઓને જણાવવાનું કે, ચાલુ વર્ષ 2025-26 ના પશુવિમાં માટે સંઘ તરફથી ધી ન્યુ ઇન્ડિયા એસ્યોરન્સ કંપની લી. (NIA) હેઠળ પશુ જુથ વિમા યોજના કરારબદ્ધ કરેલ હતી. આ પશુ વીમા પોલિસી તેજ કંપની દ્વારા વર્ષ 2026-27 માટે રિન્યૂ કરવામાં આવેલ છે. તો આ પશુવિમાની કામગીરીને વધુ અસરકારક બનાવવા ટેગીંગના દિવસે પ્રમુખ-મંત્રીશ્રીએ હાજર રહી નીચેના મુદ્દાઓને ધ્યાનમાં લઇ સહકાર આપવાનો રહેશે. જેની ગંભીર નોધ લેવા અત્રેથી સુચન છે.**

**પ્રિમીયમનો દર (%) = 3.95 % + 18.00 % GST = 4.66 % (કુલ વીમા રાશિના )**
**(GST માં ફેરફાર થશે તો નવા GST મુજબ પ્રિમીયમના દરમાં તે પ્રમાણે જરીરી ફેરફાર લાગુ કરવામાં આવશે.)**

| અનુ. નં. | પશુની જાત | વિમા રાશીની મહત્તમ કિંમત (રુપિયા) | નોંધ |
|---|---|---|---|
| 1 | ભેંસ (પ્યોર બ્રીડ) | 50,000/- | રૂપિયા 10,000/- સુધીની કિંમત સુધીના પ્રિમીયમની રકમ પૈકી 1/3 ભાગનું પ્રિમીયમ સંઘ ભોગવશે. રૂપિયા 10,000/- થી વધુ કિંમતના વિમા માટે વધારાની રકમનું પ્રિમીયમ પશુમાલીકે ભોગવવાનું રહેશે. |
| 2 | ભેંસ (દેશી) | 50,000/- | |
| 3 | શંકર ગાય | 50,000/- | |
| 4 | દેશી (ગીર) | 40,000/- | |
| 5 | દેશી ગાય (કાંકરેજ) | 30,000/- | |

**ધ્યાનમાં રાખવાનાં મુદ્દાઓ (નિયમો)**

1. **મંડળીમાં દૂધ ભરાવતા સભાસદો/ગ્રાહકોના પશુઓ માટેની પશુ જૂથવિમા યોજના અંતર્ગત ફક્ત દૂધાળા અને તંદુરસ્ત પશુઓના જ વિમા ઉતારવામાં આવશે. પશુની બજાર કિંમત મુજબ પશુનો વિમો ઉતારવામાં આવતો નથી તે બાબત સ્વિકારી પશુનો દેખાવ, ઉંમર/વેતર તથા દૂધ ઉત્પાદન ક્ષમતાને ધ્યાનમાં લઇ વિમા કંપનીના પશુ ડોક્ટર/કડી લગાવનાર પશુની વિમાની રકમ જે નક્કિ કરે તે પશુમાલિકે માન્ય રાખવાની રહેશે. દૂબળા, ગાભણ ના હોય અને દૂધ આપતા ના હોય તેવા , એકપણ વખત વિયાયેલ ના હોય તેવા પશુઓ, આખલા, પાડા તથા અન્ય વર્ગના પશુઓના વિમા ઉતારવામાં આવશે નહિ જેની ગંભીર નોંધ લેશો અને પશુની નક્કી કરેલ રકમ બાબતની ગ્રાહક/મંડળીની કોઇ રજુઆત આવનાર પશુ ડોક્ટર/ટેગર/સંઘ દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહિ. પશુની તંદુરસ્તીનું બાબતનું પ્રમાણપત્ર વિમા કંપનીએ નક્કી કરેલ પશુ ડોક્ટર આપતા હોવાથી વિમો ઉતારનાર પશુ ડોક્ટરને પશુની શારિરીક સ્થિતિ યોગ્ય નહી લાગે તો તે પશુનો વિમો ઉતારવામાં આવશે નહિ.**

2. **મંડળીમાં દૂધ ભરાવતા સભાસદો/ગ્રાહકોના પશુઓ માટેની પશુ જૂથ વિમા યોજના અંતર્ગત પશુ માલિકે આધાર કાર્ડ કે આઇ.ડી પ્રુફ ફરજિયાત આપવાનું રહેશે. તમામ પશુઓના વિમા ફક્ત ગામમાં પશુસારવાર ઘોડી ઉપર જ ઉતારવામાં આવશે. વિમા ઉતારવા કોઇના ઘરે અથવા તો બોર ઉપર જવું કે નહીં તે વિમા કંપનીના ડોક્ટર/ટેગર ની મરજી રહેશે॰**

3. **પશુના વિમાનું જોખમ વિમા પ્રિમિયમ કંપનીમાં જમા થયા બાદ, મંડળીની વિમા પોલીસીમાં દર્શાવેલ તારીખના 16મા દિવસથી ચાલુ થાય છે. (કાને કડી લગાવ્યાના 15 મા દિવસ સુધી ચાલુ થતું નથી) અને તે પહેલા મરણ પામેલ પશુઓના ક્લેઇમની રકમ વિમા કંપની મંજુર કરતી ના હોવાથી તે મરણ પામેલ પશુનાં વિમા ક્લેઇમના નાણાં પશુ**

માલિકને મળવાપાત્ર રહેશે નહિ તથા આ બાબતની કોઇ જ દલીલ સંઘ દ્વારા માન્ય રાખવામાં આવશે નહિ. (સામાન્ય રીતે પશુના કાને કડી લગાવ્યાના આશરે ૧૫ દિવસ બાદ વિમાનું જોખમ ચાલુ થતુ હોય છે.

4. <u>પશુનું મરણ થાય ત્યારે પશુ માલિકે/મંત્રીએ વિમા યાદી ચેક કરવી અને જો વિમો ચાલુ હોય તો પ્રથમ વિમા કંપનીમાં નીચે આપેલા ફોન નંબરથી કે વોટ્સ એપ કરી જાણ કરવી ફરજિયાત છે</u>. અને વિમા કંપનીનો અધિકારી તપાસ કરી જાય પછી જ પી.એમ. માટે વિઝીટ બોલાવવી. પી.એમ. માટેની વિઝીટમાં પશુના કાન ઉપર હાજર કડી નંબર તથા પશુ માલિકનો મોબાઇલ નંબર ફરજિયાત લખવો તથા ટેલીફોન કરતી વખતે પણ પશુના કાન ઉપરનો કડી નંબર (બે હોય તો બન્ને) લખીને સંઘમાં ટેલીફોન કરતી વખતે ફરજિયાત જણાવવાનો રહેશે.

5. વિમા કંપની તરફથી સ્પોટ ઇન્વેસ્ટીગેશન એટલે કે, મરણ બાદ વિમા કંપનીના અધિકારીની હાજરીમાં સ્થળ તપાસ કરવામાં આવશે. વિમા કંપનીના અધિકારીઓ ને જાણ કર્યા  પછી જ મંડળીના મંત્રી કે મંડળીના કર્મચારી દ્વારા જ સંઘમાં પી.એમ. માટેની વિઝીટ લખાવવાની રહેશે. પશુ મરણના 24 કલાક બાદ જો પશુ મરણ અંગેની જાણ કરવામાં આવશે તો તે પશુના વિમા અંગેની કોઇપણ કાર્યવાહી વિમા કંપની અને સંઘ મારફત કરવામાં આવશે નહિ.

6. પશુ મરણ સમયે પીએમ માટે આવેલ ડોક્ટર કે વીમા કંપનીના માણસ દ્વારા પશુ મરણ ની બીમારી અંગે અગાઉ કરેલી સારવાર ના તમામ પેપર અથવા કાગળ આપવાના ફરજિયાત રહેશે જો પશુ બીમારી ની સારવાર કરાવેલી નહીં હોય તેવા કિસ્સા માં કંપની દ્વારા જો પશુ વીમા ક્લેઇમ નામંજૂર થાય તો સંઘ ની કોઈ જવાબદારી રહેસે નહીં .

7. રી-ટેગીંગ – પશુના મરમ સમયે કાને લગાવેલ કડી પશુના કાને આખી (આગળ કે પાછળથી તુટ્યા વગરની) તથા વિમા યાદીમાં જણાવેલ નંબર મુજબની હોવી ફરજિયાત છે. વિમો ઉતાર્યા બાદ પશુને કાને લગાવેલ કડી કાનેથી ખોવાઇ જાય તો કડી ખોવાયા અંગેની જાણ તાત્કાલીક આપેલા નંબર પર વિમા કંપનીમાં તથા સંઘમાં કરવાની જવાબદારી પશુ માલિક/મંડળીની રહેશે. કડી ખોવાયા બાબતની જાણ વિમાકંપનીમાં ટેલેફોનિક જાણ તેમજ સંઘમાં કરતી વખતે મંડળીનું નામ, પશુમાલિકનું નામ, ખોવાયેલ કડી નંબર, વિમો ઉતાર્યા તારીખ, વિમા યાદીનો અનુક્રમ નંબર અને પશુ માલિકનું સરનામુ/મોબાઇલ નંબર સાથેની વિગતો મંડળીના લેટરપેડ ઉપર લખી જણાવી સંઘમાં મોકલવાની જવાબદારી પશુમાલિક/દૂધ મંડળીની રહેશે. પશુની કડી નીકળી જવા બાબતની જાણ સંઘમાં કરવામાં આવ્યેથી અંદાજે 7 થી 10 દિવસમાં પશુને નવી કડી લગાવવામાં આવશે. નવી કડી લગાવ્યા બાદ જો 15 દિવસની અંદર પશુનું મરણ થશે તો કાને કડી હોવા છતાં વિમા કંપની જે તે કેસનું ઇન્વેસ્ટીગેશન કરાવશે તથા ઇન્વેસ્ટીગેટરના રીપોર્ટના આધારે દાવાના નાણાં 50%, 75%, 100% અથવા દાવાની રકમ નામંજુર પણ કરી શકાશે. આથી ટેગીંગ સમયે લગાવેલ કડી બાબતે પશુ માલિક સમયાંતરે તપાસ કરતા રહી સમયસર કડી ખોવાયા બાબતે જાણ કરે તે હિતાવહ છે. અને આ પ્રકારના કેસમાં તે વિમા બાબતે સંઘની કોઇ જવાબદારી રહેશે નહિ તથા આ બાબતની કોઇ જ દલીલ સંઘ દ્વારા માન્ય રાખવામાં આવશે નહિ.

8. પી.એમ. સમયે કાન ઉપર કડી તુટેલી હશે, કૃત્રિમ રીતે ફીટ કરેલ જણાશે, કડી હાજર નહિ હોય,પશુ બદલાયેલું હોય કે પશુ માલિક તરફથી કોઈ છેતરપીંડી થયાનું માલુમ પડશે તો તે કેસમાં સ્થળ ઉપર પંચનામું કરવામાં આવશે. તથા આ પંચનામાંમાં પ્રમુખ તથા મંડળીના કમિટી સભ્યએ સહી કરવાની રહેશે. કાન ઉપર કડી તુટેલી/હાજર નહી હોય તેવા તમામ કિસ્સામાં વિમા કંપનીના પશુ ડોક્ટર તથા તપાસનીસ અધિકારી મરણ પામેલ પશુના સ્થળની રુબરુ મુલાકાતે ના આવે ત્યાં સુધી મરણ પામેલ પશુને સ્થળ ઉપર ફરજીયાત રાખવાનું રહેશે. આમ છતાં જો પશુ માલિક તરફથી મરણ પામેલ પશુનો નિકાલ કરી દેવામાં આવશે તો પશુ માલિક છેતરપીંડી કરવા માગે છે તેમ માનીને આવા તમામ પશુ દાવાની "NO TAG – NO CLAIM" (કડી નહી તો દાવો નહિ) મુજબ પશુ વિમાની રકમ વિમા કંપની મંજુર કરશે નહિ તથા આ બાબતની કોઇ દલીલ સંઘ દ્વારા માન્ય રાખવામાં નહી આવે.

9. ગત વર્ષનો વિમો ચાલુ હોય અને વિમો ફરીથી રીન્યુ કર્યાના 15 દિવસની અંદર પશુનું મરણ થાય ત્યારે, જો પશુ માલિકનું નામ બદલાયેલ નહિ હોય અને બંન્ને વર્ષના ટેગ નંબર વિમા યાદીમાં સરખા હશે તથા જો પોલીસી બ્રેક થયેલ નહિ હોય, તો વિમો સળંગ ગણાશે પરંતુ વિમા પોલીસીની શરત અનુસાર ગત વર્ષની વિમાની રકમ તથા રીન્યુ કરેલ વિમાની રકમની સરખામણી કરતાં બેમાંથી જે રકમ ઓછી હશે તે રકમ વિમા કંપની મંજુર કરી ચુકવશે જે રકમ પશુમાલિક/મંડળીને બંધનકર્તા રહેશે. પરંતુ જો કોઇ કારણોસર પોલીસી બ્રેક થયેલ હશે, કડી નંબર જુનો હશે પરંતુ પશુ મલિકનું નામ બદલાયેલ હશે અથવા તો પશુમાલિકનું નામ જુનુ હશે પરંતુ કડી નંબર બદલાયેલ હશે તો તે વિમા રીન્યુઅલ ગણાવાના બદલે નવેસરથી લીધેલા ગણાશે અને તેનું જોખમ નિયમ નં. -3 મુજબ ચાલુ થશે જેની ગંભીરતાથી નોંધ લેશો.

10. સંઘમાંથી આવેલ પશુ વિમાની અંગ્રેજી યાદી મંડળીના મંત્રીએ ફરજિયાત ચેક કરવી. યાદીમાં ગ્રાહકનું નામ, અટક, પશુનો પ્રકાર (ગાય કે ભેંસ) તથા ટેગ નંબર ચોકસાઇથી ચેક કરવા. સંઘ તરફથી 2 (બે) યાદી મંડળીને મોકલવામાં આવશે કોઇ ભુલ હોય કે આંકડાં આડા – અવળા ટાઇપ થઇ ગયેલા માલુમ પડે તો આ ભુલ બાબતે મંડળીના લેટર પેડ ઉપર લેખિતમાં સંઘમાં તાત્કાલીક 10 દિવસમાં જાણ કરવાની રહેશે.

11. જો યાદી બરાબર માલુમ પડે તો, યાદી સાથે મોકલાવેલ સંમતિ પત્ર સંઘમાં ફરજિયાત મોકલનાનું રહેશે. જો પશુ/પશુ માલિકનું નામ/ટેગ નંબરની ભુલ બાબતે સંઘમાં જાણ નહિ કરવામાં આવે તો યાદી બરાબર છે એમ સમજવામાં આવશે. ત્યારબાદ કોઇ પશુના મરણ સમયે પશુના કાન ઉપરનો કડી નંબર વિમા યાદી સાથે મેચ નહિ થાય અને તેમાં ભુલ જણાશે તો આવા ભુલવાળા ટેગ નંબરોના વિમાની રકમ વિમા કંપની મંજુર નહિ કરે અને દાવો ના – મંજુર કરવામાં આવશે તેમાં સંઘની કોઇ જવાબદારી રહેશે નહિ પરંતું આ બાબતની સંપૂર્ણ જવાબદારી ગ્રાહક/દૂધ મંડળીની રહેશે માટે આ બાબતને ગંભીરતાથી લઇ વિમા યાદિમાં થયેલ ભુલ બાબતે તાત્કાલીક ધ્યાન દોરવા સુચના આપવામાં આવે છે.

12. પશુને ગામ બહાર કે અન્ય જગ્યાએ વેચાણથી આપવામાં આવશે ત્યારે તે પશુનો વિમો આપોઆપ રદ થયેલ ગણાશે તથા આવા કેસમાં પશુ વિમાની કોઇ પણ પ્રકારની કામગીરી સંઘ મારફતે કરવામાં આવશે નહિ. છેતરપીંડીથી આવા કેસમાં પોસ્ટમોર્ટમ કરાવવામાં આવશે અને ખોટા વિમા તરીકે વિમા કંપની આવા કેસને નો ક્લેઇમ કરે તો તે બાબતે સંઘની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહિ તથા વિમા કંપની તરફથી આવા કિસ્સામાં કરવામાં આવતી કાયદાકીય તમામ પ્રક્રિયા માટે પશુમાલીક/દૂધ મંડળી સંપૂર્ણ પણે જવાબદાર રહેશે તથા વિમા કંપની તરફથી તપાસ માટે પશુને સ્થળ ઉપર રાખવાનું જણાવવામાં આવે તો મુદ્દા નંબર 10 મુજબ પશુને રાખવાનું રહેશે.

13. અનિવાર્ય સંજોગોમાં દૂધ મંડળીનું નામ બદલવામાં આવશે કે કોઇ દૂધ મંડળીનું સંઘ સાથેનું સંયોજન/જોડાણ કોઇ પણ કારણથી તુટી જશે, મંડળીનુ દૂધ સંગમમાં આવતું બંધ થશે અને દૂધ મંડળીના સંઘ સાથેના આર્થિક વ્યવહારો હિસાબી શાખા સાથે બંધ થશે તો તે સમયથી આવી બંધ થયેલ દૂધ મંળીની પશુવિમા યાદી આપોઆપ રદ થયેલ ગણાશે. આવી નામ બદલાવેલ / બંધ થયેલ દૂધ મંડળીના દૂધ ગ્રાહક/સભાસદના પશુનું મરણ થશે તો તે પશુના વિમાં બાબતની કાર્યવાડી માટે કાયદાકીય પાસાઓ તપાસીને વિમા કાર્યવાહી થઇ શકશે કે કેમ તે બાબતે સંઘના મેનેજીંગ ડિરેક્ટરનો નિર્ણય આખરી રહેશે જે તમામ દૂધ મંડળીઓને બંધનકર્તા રહેશે.

14. કુલ ૩૦ થી વધારે પશુ સંખ્યા માટે દરેક મંડળીને વર્ષ દરમ્યાન વધુમાં વધુ ૨(બે) વખત વીમા કંપની મારફત વીમા ઉતારવા માટે મંજૂરી આપવામાં આવે છે. ૨(બે) થી વધારે વખત કોઈપણ મંડળી ઉપર વિમા ઉતારવા માટે સંઘ તરફથી વ્યવસ્થા કરી શકાશે નહીં તે ધ્યાને લઈ દરેક દૂધ મંડળીઓએ પોતાના દૂધ ગ્રાહકોના તમામ પશુઓ વર્ષ દરમ્યાન ૨(બે) વખતમાં વિમા હેઠળ આવરી શકાય તે ધ્યાને રાખી ગ્રાહકોને સમયસર આ બાબતે જાણ કરવી.

15. વીમાનું વર્ષ પુરૂ થતાં પહેલા સંઘ દ્વારા અગાઉથી મંડળીને પત્ર લખી વિમા રીન્યુઅલ બાબતે જાણ કરવામાં આવશે. વીમા કંપનીના નિયમોનુસાર રીન્યુઅલ સમયે પશુની તંદુરસ્તી ફરી ચેક કરવી જરૂરી છે અને વીમો ઉતારવો કે ના ઉતારવો એ કંપનીનો ડોક્ટર નક્કી કરતો હોય છે તો એમાં સંઘની કોઈ જવાબદારી રહેશે નહીં. તથા પશુની ઉમંર,વેતર,શારીરિક વર્ણન વિગેરે વિમાયાદીમાં લખવું ખુબજ જરૂરી હોવાથી વીમા ઉતારતી વખતે નવા પશુઓ તથા જૂના પશુઓ(કાન ઉપર કડી હાજર હોય તો પણ) તમામ પશુઓને ફરીથી વીમો ઉતારવા આવનાર ટેગરને બતાવવા માટે લાવી વીમો રિન્યુ કરવવાની જવાબદારી પશુમાલિકની/મંડળીની રહેશે.

16. રીન્યુઅલ વખતે પણ ઓછામાં ઓછા ૨૦ (વીસ) પશુઓનો વીમો ઉતારવો જરૂરી હોઈ, સંઘમાંથી રીન્યુઅલનો પત્ર આવે ત્યારે દરેક મંડળીઓએ પોતાની મંડળીના કુલ પશુઓની સંખ્યા અગાઉથી ચેક કરી લેવા સૂચન છે.જો રીન્યુઅલ વખતે પૂરતી સંખ્યા નહીં થાય તો વીમા કંપની માંથી વીમા ઉતારવા આવનાર વીમા ઉતાર્યા વગર પરત જશે અને આવા પશુઓનાં વિમાની જવાબદારી સંઘની રહેશે નહી તે ધ્યાને રાખવા સૂચન છે.

17. ટેગીંગ પુરૂ થાય એટલે મંડળીનો ગોળ સિક્કો તથા પ્રમુખ/મંત્રીના સિક્કા લગાવી દરખાસ્ત પત્રક ઉપર તથા બાહેંધરી પત્રક ઉપર જવાબદારની સહી કરી આપવાની સહી કરી આપવાની રહેશે તથા ટેગીંગના દિવસ બાદ રહી ગયેલ પશુના વીમા માટે ફરીથી પશુ ડોક્ટર વીમા ઉતારવા આવસે નહીં.જો વીમા કંપનીમાંથી ડોક્ટર વીમા ઉતારવા આવે અને કોઈ કારણોસર રીન્યુઅલ તારીખ મુજબ મંડળી વીમા રિન્યુ નહીં કરાવે તો આવનાર માણસને જે તે દૂધ મંડળીએ લેટેરપેડ ઉપર વીમા રિન્યુ ના કરાવવા બાબતનું લખાણ કરી આપવાનું રહેશે અને દૂધ મંડળી તરફથી વીમા રિન્યુ ના કરાવવાના કારણે જો પોલિસી બ્રેક થાસે તો આવા તમામ વિમાઓનું જોખમ નિયમ નં(૩) મુજબ ચાલુ થશે જેના કારણે કોઈ પશુમાલિકને નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી માત્ર અને માત્ર દૂધ મંડળીની રહેશે.

18. પશુ જુથવીમાએ સંઘ તરફથી પશુપાલકોને પુરી પાડવામાં આવતી ઇનપુટ સેવા છે.પશુપાલકને મદદરૂપ થવાના હેતુથી વીમા પ્રિમિયમની નક્કી કરેલ મર્યાદામાં રકમ પણ સંઘ તરફથી ભોગવવામાં આવે છે ,પરંતુ પશુ વીમો પાસ કરવો કે નાપાસ કરવો તે વીમા કંપની તેના નીતિ નિયમો પ્રમાણે કરતી હોય છે. જેમાં સંઘ માત્ર એક નોડલ એજન્સી તરીકે ભાગ ભજવે છે અને કોઈપણ પ્રકારે વિમાની રકમ મંજૂર/નામંજૂર કરવામાં ભાગ ભજવતી ના હોઈ " નો-ક્લેઇમ" થયેલ કેસ માટે પશુમાલીક/દૂધ મંડળી જો "ગ્રાહકસુરક્ષામાં" કેસ કરવા માગતી હોય તો તેઓ માત્ર વીમા કંપની સામે ગ્રાહકસુરક્ષામાં પોતાના ખર્ચે દાવો દાખલ કરી શકે છે . સંઘ તરફથી પશુપાલકના પશુના વીમા પ્રિમિયમમાં આર્થીક રીતે મદદ કરવામાં આવતી હોવાથી આવા કેસમાં પશુમાલીક દૂધ સંઘની વિરૂધ્ધ ગ્રાહક સુરક્ષામાં કેસ કરશે તો જેતે મંડળીને ત્યાર બાદના પશુ વીમા રિન્યુઅલમાં સંઘ તરફથી ૧/૩ ભાગના પ્રિમિયમની આર્થીક મદદ કરવામાં નહિ આવે ,તે ધ્યાને રાખી આવા કેસમાં દૂધ મંડળીએ પશુપાલકને માત્ર વીમા કંપની સામે ગ્રાહક સુરક્ષામાં કેસ કરવા તથા સંઘ સામે કેસ ના કરવા સમજાવવાની રહેશે.

ઉપરોક્ત પરિપત્રનો સાચી રીતે અમલ થાય તે માટે પશુપાલકોને તમામ નિયમોથી માહિતગાર કરીને ટેગીંગના દિવસે મંડળી ઉપર હજાર રહી પશુજુથ વિમાની કામગીરીમાં સાથ સહકાર આપવા તમામ પ્રમુખ/મંત્રીશ્રીને વિનંતી કરવામાં આવે છે.

| ક્રમ નં. | નવી NIA કંપનીની પોલિસી હેઠળના પશુના મૃત્યુ પછી તેની જાણ કરવા માટેની માહિતિ | પશુ મરણની જાણ કરવા માટેનો નંબર |
|---|---|---|
| ૧ | વિમાકંપનીનો મોબાઇલ નંબર તેમજ વોટ્સ એપ નંબર | ૯૦૯૯૧૯૭૩૬૬ |
| ૨ | સંઘની ઓફિસનો મોબાઇલ નંબર | ૯૦૮૧૯૨૨૨૯૮ |

નોંધ: પ્રીમિયમ ગણતરી માટેનું કોષ્ટક આ સાથે મોકલાવેલ છે જેના આધારે મંડળીએ દરેક પશુના પ્રીમિયમની ગણતરી કરીને ગ્રાહક પાસેથી વસૂલાત કરાવવા સુચન છે.

આભાર સહ,
ગાંધીનગર જી.સ.દૂ.ઉ.સં.લી વતી

For (signature)
મેનેજર(એ.એચ)

નકલ રવાના:(૧) મેનેજર (સોસાયટી)

## (આ પેજ ફરજિયાત મંડળીના નોટિસ બોર્ડ પર લગાવવું)

# પશુજૂથવીમા અંગેની મંડળી અને પશુપાલકો માટે મહત્વની સૂચનાઓ
## ( તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા.૩૧/૦૩/૨૦૨૭ સુધી અમલ )

આથી સંઘમાં દૂધ ભરાવતી તમામ મંડળીઓને જણાવવાનું કે, ચાલુ વર્ષ 2025-26 ના પશુવિમાં માટે સંઘ તરફથી ધી ન્યુ ઈન્ડિયા એસ્યોરન્સ કંપની લી. (NIA) હેઠળ પશુ જુથ વિમા યોજના કરારબધ્ધ કરેલ હતી. આ પશુ વીમા પોલિસી તેજ કંપની દ્વારા વર્ષ 2026-27 માટે રિન્યૂ કરવામાં આવેલ છે. પશુ જૂથવિમાની કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે ટેગિંગના દિવસે પ્રમુખશ્રી/મંત્રીશ્રી એ હાજર રહી નીચેના મુદ્દાઓ ને ધ્યાનમાં લઈ સહકાર આપવાનો રહેશે. જેની ગંભીર નોધ લેવા સૂચન છે , જેથી પાછળથી કોઇ પ્રશ્ન ઉદભવે નહીં. વીમા પોલિસી પ્રીમિયમ ભર્યા તારીખથી પછી તે વીમો એક વર્ષ સુધી ચાલુ રહેશે.

(૧) સભાસદો/ગ્રાહકોના પશુઓ માટેની પશુજૂથવીમા યોજના અંતર્ગત પશુ માલિકે આધારકાર્ડ કે આઈ.ડી પ્રૂફ ફરજિયાત આપવાનું રહેશે.વિમો ઊતારતી વખતે કંપનીના ડોક્ટર/ ટેગર દ્વારા દરેક પશુના ફોટા પાડવામાં આવશે.અને વિમાની રકમ પશુની ઉમર ,વેતર અને તંદુરસ્તી ના આધારે કંપની દ્વારા નક્કી કરવામાં આવે તે માન્ય રાખવાની રહેશે.

(૨) વિમાવાળા પશુનું મરણ થાય ત્યારે આપના મંડળીના મંત્રી કે કર્મચારી દ્વારા તેની જાણ સૌ પ્રથમ વીમા કંપનીમાં કરવાની રહેશે. વીમા કંપનીના અધિકારી તપાસ કરી જાય ,ત્યારબાદ પી.એમ.માટે સંઘમાં વિઝિટ લખાવવાની રહેશે.તે પહેલા વિઝિટ લખવામાં આવશે નહીં.

| ક્રમ ન. | નવી NIA કંપનીની પોલિસી હેઠળના પશુના મૃત્યુ પછી તેની જાણ કરવા માટેની માહિતી | પશુ મરણની જાણ કરવા માટેનો નંબર |
|---|---|---|
| ૧ | વિમાકંપનીનો મોબાઇલ નંબર તેમજ વોટ્સ એપ નંબર | ૯૦૯૯૧૯૭૩૬૬ |
| ૨ | સંઘની ઓફિસનો મોબાઇલ નંબર | ૯૦૮૧૯૨૨૨૯૮ |

(૩) વિમાવાળા પશુની ટેગ ખોવાઈ /તૂટી જાય તો તાત્કાલિક ઉપરના આપેલા વિમાકંપનીના નંબર પર તેમજ મંડળીમાં રહેલ રિટેગિંગ પાવતી બુકમાં પૂરી વિગત ભરીને મોકલવાની રહેશે. જો પશુના મરણ સમયે કાન પર કડી હજાર નહીં હોય કે તૂટેલી અવસ્થામાં હશે તો વિમા મળવા પાત્ર ન હોવાથી સંઘની કોઈ જવાબદારી રહેશે નહીં

(૪) પશુ મરણ સમયે પીએમ માટે આવેલ ડોક્ટર કે વીમા કંપનીના માણસને દ્વારા પશુની બીમારી અંગે અગાઉ કરેલી સારવાર ના તમામ પેપર અથવા કાગળ આપવાના ફરજિયાત રહેશે જો પશુ બીમારી ની સારવાર કરાવેલી નહીં હોય તેવા કિસ્સા માં કંપની દ્વારા જો પશુ વીમા ક્લેઇમ નામંજૂર થાય તો સંઘ ની કોઈ જવાબદારી રહેશે નહીં .

(૫) પશુ જુથ વીમા એ સંઘ તરફથી પશુપાલકોનેપૂરી પાડવામાં આવતી ઈનપુટ સેવા છે પશુપાલકને મદદરૂપ થવાના હેતુથી વીમા પ્રીમિયમના નક્કી કરેલ મર્યાદામાં રકમ પણ સંઘ તરફથી ભોગવવામાં આવે છે.\ જેમાં સંઘ માત્ર એક નોડલ એજન્સી તરીકે ભાગ ભજવે છે.વિમાનો ક્લેઇમ મંજૂર કે ના મંજૂર એ વિમાકંપની કરતી હોય છે, જેથી નો-ક્લેઇમ થયેલ કેસમાં "ગ્રાહક-સુરક્ષા" માં કેસ કરવાનો થાય તો માત્ર વીમા કંપની સામે પશુમાલિક સ્વ-ખર્ચે કેસ દાખલ કરી શકે છે. પરંતુ વિમાની રકમ અંગે દૂધ સંઘ સામે કેસ કે દાવો કરી શકશે નહીં.

For (signature)

ઇં.મેનેજર (એ.એચ.)
મધુર ડેરી ,ગાંધીનગર

પ્રતિ,
પ્રમુખ/મંત્રીશ્રી,
...........................................દૂ.ઉ.સં.લીમિટેડ,
મુ.પો...............................તા.......................જી.ગાંધીનગર

# PREMIUM CALCULATION SHEET

**RATE:3.95% +18.0% GST=TOTAL 4.66%          PERIOD:01/4/26 TO 31/3/27**

| lJDFGL S|, ZSD s~FPf | l5|D I DGL S|, ZSD s~FPf | ;3 EMUJ|, ZSD s~FPf | NW D0/LV| EMUJJFGL ZSDs~FPf | ;EF;NqUFCS| EMUJJFGL ZSDs~FPf |
|---|---|---|---|---|
| A | B | C | D | E |
| SUM INSURED | TOTAL PREMIUM | UNION'S PREMIUM | DCS'S PREMIUM | MEMBER'S PREMIUM |
| 50000 | 2330 | 155 | 155 | 2020 |
| 45000 | 2097 | 155 | 155 | 1787 |
| 40000 | 1864 | 155 | 155 | 1554 |
| 35000 | 1631 | 155 | 155 | 1321 |
| 30000 | 1398 | 155 | 155 | 1088 |
| 25000 | 1165 | 155 | 155 | 855 |
| 20000 | 932 | 155 | 155 | 622 |
| 15000 | 699 | 155 | 155 | 389 |
| 10000 | 466 | 155 | 155 | 156 |

GMWo H NW D0/L l5|D I D GF EMUJTL CMI T| D0/LV| SMQ8SDF NXFjIF DHAGL S|, l5|D I DGL ZSDsBfDFYL ;3 EMUJ|, ZSDscf AFN SZL AFSL ZCTL ZSD ;EF;NqUFCS 5F;|YL J;|, SZJLP

For

**IN.MANAGER(A.H)**